સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કાયમ દુષ્કાળના ભયથી ધૂજે છે કચ્છ!
સદા ભૂકંપના આંચકાથી ધૂજે છે કચ્છ!
ધૂજે છે કચ્છ નિરાધાર નેતૃત્વ અભાવે -
કાતિલ-અસહ્ય ઠંડીમાં ધૂજે છે કચ્છ!
(કચ્છડો બારે માસ ધૂજે છે!)

હાઈકુ

થયું અનાથ!
સબળ નેતા વિના -
ડો. મ્હેતા પછી...
(કચ્છનો ક્યાંય અવાજ નથી)

ધણી ન ધોરી -
આત્મનિર્ભર પ્રજા -
ગોવાળ વિના !
(મહેનતકસ પ્રજા)

ચિંતન

પ્ર પતેત પાપિ લક્ષ્મિ નથ્યેતઃ પ્રામુનઃ પત ।
અયસ્મયેનાંડેન દ્વિષતે ત્વા સજામસિ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

હે પાપ લક્ષ્મી ! તું અહીંથી ક્યાંક દૂર ચાલી જા. અહીંયાથી હટીને અમારા શત્રુઓ પાસે સ્થિર થાઓ. લોહશૂળ દ્વારા અમે આપને દ્વેષીઓ પાસે પ્રેરીએ છીએ.

પાપી લક્ષ્મી એટલે પાપ માર્ગેથી આવેલી લક્ષ્મી. આવી લક્ષ્મી અન્યાય, અત્યાચાર અને બીજાને ત્રાસ આપીને, અન્યનું છીનવીને આવેલી લક્ષ્મી છે. ગરીબો અને નિર્ધનોની આંતરડી કકળાવીને, નિરાધારો અને રંગ લોકો પર જુલમો ગુજારીને એકઠી કરેલી લક્ષ્મી વાસ્તવમાં અલક્ષ્મી છે. આવી લક્ષ્મી શાંતિને હરી લે છે.

'વંદના' નામની વેલ ઝાડ પર ચડે છે, પણ ઝાડનો રસ ચૂસી લે છે એમ અલક્ષ્મી આપણને સૂકવે છે અર્થાત માનસિક શાંતિ લઈ લે છે. ઋષિઓ માનવજીવનને ખૂબ નજીકથી જુએ છે અને માનવીને અનર્થમાંથી બચાવવા પ્રાર્થના કરે છે. ભૌતિકતા પાછળ આંધળી દોટનો ઋષિ સંસ્કૃતિ અસ્વીકાર કરે છે.

સુવિચાર

- સાહિલ કે સુકૂં સે કિસે ઈન્કાર હૈ લેકિન, તૂફાન સે લડને કા મજા ઔર હી કુછ હૈ - **સાવ્યા સલોની**
- હારવાના ભય કરતા જીતવાની મહત્ત્વાકાંક્ષા વધારે હશે તો સફળતા તમારા હાથમાં હશે - **એસ. ભટ્ટાચાર્ય**
- વાક્ય બનવા શબ્દોનું જોડાણ જરૂરી છે, પણ સંવાદ માટે તો મનનું જોડાણ જરૂરી બને છે - **કુમકુમ સ્વામી**
- આપણે બધા જ માનવીય નબળાઈઓ ધરાવતા માણસો છીએ. એ જેટલી ઓછી કરી શકીએ તેટલું સારું - **જયંત પાઠક**
- સાધનાની સફર ખેડે તે સંત થાય, મુક્તિના માર્ગે જનાર મહંત થાય - **મૂળશંકર ભટ્ટ**
- વીરતાનો વિરોદાર્થી શબ્દ કાયરતા નથી. એ છે... આપણાથી આ નહિ થાય એવી પૂર્વધારણા - **રોબર્ટ એન્થની**
- આજનું ઔષધ : વારંવાર તાવ આવનારે બ્રોકોલીનો સૂપ મરી પાઉડર સાથે એક બાઉલમાં સવાર-સાંજ પીવાથી તાવ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પક્ષીઓનો રાજા ગરુડ. એવી ખૂબ જ તાકાત વાળી પાંખો અને એની તીવ્ર દૃષ્ટિ. તેની એક વિશેષ ખાસિયત છે કે જયારે અચાનક પવન કે વાવાઝોડું આવવાનું હોય અને એને નુકશાન પહોંચાડે તે પહેલા તે ચેતી જાય છે. એ જરાય ગભરાઈ જતું નથી કે પલાયન થવાની વૃત્તિ નથી દાખવતું. વાવાઝોડું ત્રાટકે ત્યારે એ પોતાની પાંખને એવી પોઝિશનમાં ગોઠવે છે કે જેથી પવન એને વધુ ઊંચાઈ સુધી વાવાઝોડાની ઉપર ઉડવા માટે ઊંચકી લે. આ રીતે નુકશાન પહોંચાડી શકે એવા વાવાઝોડાથી ગરુડ જરા પણ ડરતું નથી એના બદલે એ પવનની ઝડપનો ઉપયોગ કરીને વાવાઝોડાથી પણ ઉપર ઊડીને મોજ કરે છે. ગરુડની આ ખાસિયતએ બોધપાઠ શિખવે છે કે આપણા જીવનમાં આવા સંકટ કે પડકાર આવી પડે ત્યારે આપણે પણ એનાથી ઉપર ઉઠીને એમાંથી સાંગોપાંગ બહાર આવી શકીએ. બસ શરત માત્ર એટલી કે એવી મુસીબતથી મોઢું સંતાડવાનું નથી. જીવનમાં પડકાર તો આવવાના જ છે એનાથી પીછેહઠ કરવાને બદલે એ પડકારો ને અવસરમાં પલટી નાખવાનું શીખી લેવાનું છે પક્ષીરાજ ગરુડની જેમ.

ગાંધીનગર વિશ્વકક્ષાનું શહેર બનશે

તંત્રીસ્થાનેથી...

નાયબ મુખ્યમંક્ષી નીતીનભાઈ પટેલે ઉવારસદ ખાતે સાકાર થયેલ ફલાય ઓવર અને ત્રિમંદિરથી હનુમાન મંદિર સુધીના દસ માર્ગીય રોડનું લોકાર્પણ કરતાં ગાંધીનગરને વિશ્વકક્ષાનું આધુનિક શહેર બનાવવાનો સંકલ્પ જાહેર કર્યો. મકર સંક્રાંતિના પવિત્ર દિવસે આ સરકારી સંકલ્પ જાહેર કરીને એમને ગુજરાતની રાજધાનીને અમૂલ્ય ભેટ આપી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ચિલોડાથી સરખેજ સુધીના રાજમાર્ગ પર દરેક સર્કલ પર સેતુ નિર્માણ થતાં અમદાવાદ અને ગાંધીનગર સાચા અર્થમાં 'ટ્વિન સિટી' બની રહેશે. એથી વાહન વ્યવહાર વધુ ઝડપી બનશે અને વચ્ચે થતો ટ્રાફિક જામ નામશેષ થઈ જશે. ઈંધણની પણ બચત થતે તદુપરાંત બીમાર વ્યક્તિઓ તેમજ વીઆઈપી મહાનુભાવોને કારણે પ્રજાને નડતા અવરોધો દૂર થઈ જશે. ચિલોડાથી હિંમતનગર સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પણ આવા જ ઓવરબ્રિજ બની રહ્યા છે. ગાંધીનગર પહોંચવામાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકોને એથી ખૂબ જ સાનુકૂળતા સરજાશે. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવેના કારણે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના લોકો માટે તો આવી અનુકૂળતા પહેલાંથી જ સરજાયેલી છે. રાજધાનીના શહેરનો મૂળ માસ્ટર પ્લાન ચંડીગઢની નગરરચનાને અનુસરતો હતો પરંતુ સ્થાનિક જરૂરિયાતો અને અમદાવાદ જેવા મહાનગરના સાંનિધ્યને કારણે સમય સમય પર ગાંધીનગરનો નકશો બદલાતો રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રીકાળ દરમિયાન ગાંધીનગરને તદ્દન નવો ઓપ સાંપડ્યો જેમાં મહાત્મા મંદિર, સેન્ટ્રલ વિસ્ટા અને સચિવાલય પાસે સ્વર્ણિમ સંકુલો ઉપરાંત પુનિતવન જેવા વિશિષ્ટ અને પ્રશિષ્ઠ ઉદ્યાનનો સમાવેશ થાય છે. ગાંધીનગરને એકી સાથે ઘણી ઉત્કૃષ્ણ વિદ્યાસંસ્થાઓનો લાભ મળ્યો જેમાં ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ અને નિરમા યુનિવર્સિટીથી લઈ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ચિલ્ડ્રન્સ યુનિવર્સટી અને પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી તથા ગિફ્ટ સિટી જેવા આધુનિકતમ સંકુલનો સમાવેશ થાય છે. અહીં ગુજરાત કેન્દ્ર વિશ્વવિદ્યાલય પણ છે એન હાયર એજ્યુકેશનની નીવડેલી પ્રતિષ્ઠિત શાળા-મહાશાળાઓ પણ છે. એક તરફ ભૌતિક સંદર્ભે ગાંધીનગર વધુ સુવિધાયુક્ત બની રહ્યું છે જયારે બીજી તરફ એનો સાંસ્કૃતિક, વિદ્યાકીય અને ટેકનોલોજીના હબ તરીકે વિકાસ થઈ રહ્યો છે. અહીં રક્ષાશક્તિ યુનિવર્સિટી છે તેમ આર્મી, એરફોર્સ અને પેરામિલિટરી ફોર્સ - સીઆરપીએફ તથા બીએસએફનાં પ્રાદેશિક હેડક્વાર્ટર્સ પણ છે. ગાંધીનગરના આ બહુમુખી વિકાસથી, સ્વાભાવિક રીતે જ ગાંધીનગર વાસી જનતાને ગૌરવની લાગણી થાય, પરંતુ એની મૂળ ઓળખ તો 'હરિયાળા નગર' તરીકેની છે, જે આડેધડ થઈ રહેલાં વિકાસકાર્યોને કારણે ધીરે ધીરે ભૂંસાઈ રહી છે. એટલું સારું છે કે પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોને રાજધાનીમાં પ્રવેશ નથી અપાયો નહીંતર એ સમય જતાં આટલા પહોળાં રસ્તાઓ અને ઓવરબ્રિજોવાળું બીજું અમદાવાદ જ બની રહે. એ દિશામાં સરકારે સતત જાગ્રત રહેવું જોઈએ અને પ્રજાએ પણ જયાં અને જયારે જરૂર લાગે ત્યાં અને ત્યારે સરકારનું ધ્યાન ખેંચવું જોઈએ. વૃક્ષો એ ગાંધીનગરની સાચી સંપદા છે. અક્ષરધામ જેવી ધર્મભૂમિ સાથે અહીં પ્રકૃતિ ઉદ્યાન અને સરિતા ઉદ્યાન જેવા રમણીય સ્થળો છે અને સાબરમતીમાં 'સંત સરોવર' નિર્માણ પામ્યું છે. નગરની શોભા સમાં આ સ્થળોની પૂરતી જાળવણી થાય તે તંત્રની પવિત્ર ફરજ છે.

તહેવારમાં પણ વ્યવહાર સાચવવાનો હોય!

આરપાર
રાઘવજી માધડ

તેઓનું કહેવું હતું:'આ મકરસંક્રાંતિની વિશેષતામાં ચૌદ જાન્યુઆરી દિવસ નક્કી છે.' પછી આગળ કહ્યું: 'બાકી ઘણાં તહેવારમાં આવું બનતું નથી.તેમાં વચ્ચે ક્યાંક ધોખો આવી જાય!' તેઓનું કહેવું તદ્દન સાચું હતું. દેશના મોટાભાગના વિસ્તારોમાં આ દિવસ નિશ્ચિત હોય છે. આ તહેવારનું ધાર્મિક, ખગોળ, ભૌગોલિક અને આરોગ્યની દ્રષ્ટીએ ખાસ મહત્વ છે. આજે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. ઉનાળાનો ઉદ્ભવ થાય છે.

આપણે ઉત્સવપ્રિય પ્રજા છીએ.કોઈ વાર-તહેવારને નિમિત બનાવી અંતેતો મઝા લઈ,આનંદ માણી એ છીએ. ખાસ તો છેવાડાના સમાજ, વિસ્તારમાં લોકો ઉત્સવમાં ઓળઘોળ થઈ જે મઝા માણતા હોય છેતે ભલભલા ભૂપતિને પણ દુર્લભ તેમજ ઈર્ષા ઉપજાનારી હોય છે. આધ્યાત્મિકતામાં પણ આનંદની ઉપલબ્ધિ ને પરમ તત્વની લગોલગ મૂકી છે. ઉત્સવ માનવ મનને માંઝી ઉજળા કરે છે. રોજિંદી ઘરેડ, એકધારાપણા માંથી બહાર કાઢે છે. જીવનરસમાં ઉમેરો કરે છે. પોતાના પરિવારમાં પણ ઝાંખીને જોવાની તક આપે છે.

મકર સંક્રાંતિની ખરીદી માટે બજાર ઉભરાયું હતું. હૈયેહૈયું દળાય, અથડાય એવી ભરચક ભીડ હતી. કોરોના છે, હતો... એવું સઘળું વિસરાઈ ગયું હતું. દિવાળીના દિવસોમાં આવું બન્યું હતું અને પછીના કાળમાં કોરોનાએ ઉથલો માર્યો હતો.સત્યતો એ છે-જાન હૈ તો જહાન હૈ ! જીવતા હોઈશું તો ફરી તહેવાર આવશે !

પણ પતંગ તૂટવા ને લૂંટવા પૂર્વે ખરીદીનો આનંદ લૂંટવામાં માણસ રમમાણ થઈ ગયો હતો. બોર, શેરડી...ને ખાસતો પતંગની વિવિધતામાં, મનપસંદ. ને વળી પોસાય,પરવડે તેવા ભાવમાં ખરીદવી તેનો પણ એક વિશેષ આનંદ હોય છે. માણસના ખિસ્સાને પરવડે એવું આ પણ ચપટીક સુખ ગણાય. આવું સુખ મેળવવાનો માણસનો અધિકાર છે. અને હા,પસંદગીમાં પતંગનું બજાર હોય કે અપેક્ષાનું...પણ માણસ સતત ફાંફાને હવાતિયા મારતો રહે છે કારણ કે મળે તે ગમે નહીં અને ગમે તે મળે નહીં ! આ ઉઘાડી હકીકત છે.

આ નિબંધ, નિર્બંધપણે લખી રહ્યો છું ત્યારે ચારેબાજુથી કીકિયારીઓ સંભળાવા લાગી છે.હવે પપુડા અને ટેપરેકોર્ડરનો કાન ફાડી નાખે તેવો કર્કશ અવાજ શરુ થાશે.લાગે છેકે પતંગ ચગાવવા માટે જગત જાગી ગયું છે,ધાબાઓ ભરાવા કે ઊભરાવા લાગ્યા છે.શાંત નગર જાતભાતના અવાજથી અકળાવા લાગ્યું છે. પોતાનો પતંગ ચગાવવા કરતા કોઈનો પતંગ કાપવાનો આનંદ અતિ હોય છે.આનંદની આવી અભિવ્યક્તિ જાતને રાજી રાખવા કે અન્યને અભિભૂત કરવા માટે હોય...તે સમજવું અઘરું છે. એક કાગળ ભલે પવનના સહારે ઉંચે ચઢે પણ પતંગ ચગાવવા માટે કાબેલિયત જોઈએ. ફીરકી પકડી માત્ર ઠુમકા મરાવવાથી પતંગ આસમાને આંબતો ને સ્થિર થતો હોતો નથી. મોટાભાગે માણસના જીવનમાં પણ આવું જ છે.

મકર સંક્રાંતિની પૂર્વ તૈયારી રૂપેતે સમયે પતંગ બનાવવા માટે પસ્તી થયેલા છાપાના કાગળ, વાંસ ની સળીઓ,બાવળનો ગુંદર અને પુંછડું બાંધવા લાંબુ ચીંથરું... અમારી અમુલ્ય સામગ્રી ગણાતી. પછી દુકાને થી દસ પૈસાની દોરાની લટ લઈ કિન્ના બાંધી ખુલ્લા ખેતરમાં જઈ પતંગ ચગાવવાનો... તેમાં એકાદ પાસે તૈયાર પતંગ હોય.અન્યએ સાથે જઈ માત્ર જોવાનું ને દોસ્તી સારી હોય તો વળી ઉડતા પતંગનો દોર બેઘડી હાથમાં પકડવાનો અવસર મળે ! દિવાળીની રાતે પણ સુરતથી વતનમાં આવેલા રત્નકલાકારો ફટાકડા ફોડતા...અને તેના ધડાકા-ભડકા સાંભળી અમે કુદકા મારતા..! અંતે તો આનંદ માણવાની જ પ્રક્રિયા હતી.

સાંજ વેળા આખું આકાશ પતંગોથી છવાયેલું હતું. પણ તેની વચ્ચે,પોતાના જ વિશાળ ક્ષેત્રમાં જાત બચાવીને આમતેમ ઉડતા વિહંગને જોઈ દયા ને કરુણા વ્યક્ત કર્યા સિવાયનો કોઈ વિકલ્પ નહોતો.આપણો

આનંદ કોઈના મોતનું નિમિત ન બને..અને આવા તહેવાર માત્ર ધાર્મિક ને સામાજિક વ્યવહાર સાચવવામાં વહેંચાઈ ને વેડફાઈ જવાના બદલે જીવનમાં ઉર્જા,ઉષ્મા,ઉત્સાહ અને ઉલ્લાસ ઉમેરનાર બને તે જરૂરી છે.

છેલ્લે :

માણસ માર્કેટમાં કેટલા રૂપિયા વાપરે છે એનાં કરતા શું ખરીદી લાવે છે તે અતિ મહત્વનું છે.

દુનિયા જીતવી છે તો સેલ્ફ મોટિવેશનલ બનો

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આ ૨૧મી સદીનું ૨૧મું વર્ષ છે. જુની બધી જ પરંપરાઓ તોડીને હવે નવી દુનિયાનું નિર્માણ થઈ રહ્યું છે. આખી દુનિયામાં અત્યારે બધા જ ક્ષેત્રોમાં સંઘર્ષ થઈ રહ્યો છે. કેમ કે હવે જુનુ બધુ જ બદલાઈ રહ્યું છે અને બદલાવ ક્યારેય સરળતાથી આવતો નથી. મહાવિનાશ પછી જ મહાશાંતિ આવે છે. અત્યારે દુનિયા મહાક્રાંતિના સમયમાંથી પસાર થઈ રહી છે. હવે દુનિયાની આખી સિસ્ટમ બદલાવાની છે. તેથી હવે આપણે પણ જલદીથી બદલાવું પડશે. જો આપણે નહીં બદલાઈએ તો આપણે તો ઠીક, આપણા પછીની આપણી આખી પેઢીને જમાના સાથે કદમ મિલાવવા મહાસંઘર્ષ કરવો પડશે. જો તમે ઈચ્છતા હોય કે તમારા સંતાનો ને એમના ય સંતાનો સારી રીતે જિંદગી જીવે, તો આ મહાપરિવર્તનમાં તમે પણ બધા પરિવર્તનોને જલદીથી સ્વીકારવાનું મન બનાવીને આગળ વધજો. અત્યારનો સમય કઠિન છે. આ સમયને સમજવો અને અપનાવવો ખુબ જ અઘરો છે. દુનિયા ડિજીટલ બની રહી છે. લાઈફ સ્ટાઈલ, શિક્ષણ, વ્યાપાર, રાજનીતિ, સામાજિક સંબંધો, પારિવારિક સંવેદના... આ બધુ જ બદલાઈ રહ્યું છે. અનેક સામાજિક, પારિવારિક પરંપરાઓ તૂટી રહી છે અને તૂટશે. એની અસહ્ય પીડા થશે. પણ એ પીડાની સ્વીકૃતિ કરીશું તો આગળ વધી શકાશે. હવે અચાનક પ્રાકૃતિક વિપદાઓ સામે કાયમ લડવા તૈયાર રહેવું પડશે.

માણસ માત્રનો સ્વભાવ છે કે એને દુઃખના સમયમાં, સંઘર્ષના સમયમાં કોઈનો સાથ જોઈએ છે, એ કોઈનો સહારો, કોઈની હૂંફ ઝંખે છે. અને જો યોગ્ય સમયે તેને આ સહારો કે હૂંફ ના મળે તો વ્યક્તિ ગમે તેટલો સમજદાર હોય, ગમે તેટલો શિક્ષિત હોય પણ આડા રસ્તે વળી જાય છે અથવા માનસિક રીતે ડિપ્રેશનમાં આવી કંઈક અજૂગતું કરી બેસે છે. આવા સમયે તેને દુનિયાની કોઈ સમજદારી સમજાવી શકતી નથી. કોઈ મોટીવેશન કામ આવતું નથી. આજે મોટીવેશનનો યુગ છે. સમાજમાં અનેક મોટીવેશનલ સ્પીકરો હજારો, લાખો, કરોડો લોકોને મોટીવેશન દ્વારા નવી બદલાતી દુનિયામાં લાવવા પ્રયત્નો કરી રહ્યા છે. અને એમાંથી ઘણા લોકો એને શંકાથી જોઈને પાછા વળી જાય છે. અને કેટલાક મોટીવેટેડ થઈને નવી દુનિયામાં પ્રવેશી જાય છે. આપણો એક સ્વભાવ એ પણ છે કે આપણી સામે જ્યારે કોઈ મોટી તક આવે ત્યારે કે જીવનનું મોટું સત્ય આવે ત્યારે આપણે સૌપ્રથમ શંકાશીલ બની જઈએ છીએ અને તેને સ્વીકારતા નથી જ્યારે નકારાત્મક બાબત આવે ત્યારે આપણે એને સકારાત્મક થઈને તરત જ સ્વીકારી લઈએ છીએ. મતલબ કે નકારાત્મક બાબતો આપણને જલદી સમજાઈ જાય છે. એમાં શંકાઓ નથી થતી. પછી જ્યારે એના દુષ્પરિણામો આવે છે ત્યારે સમજાય છે કે ..... પણ પછી સમય જતો રહ્યો હોય છે. વ્યક્તિની હતાશા અને નિરાશાની પાછળનું મુખ્ય કારણ પણ એને લીધેલા નિર્ણયો જ હોય છે. કોઈપણ વ્યક્તિની આર્થિક કે સામાજિક પરિસ્થિતિનું પરિણામ પણ તેના નિર્ણયો આધારિત હોય છે. આપણા નિર્ણયો માત્ર આપણા પૂરતા મર્યાદિત નથી હોતા પણ આપણા પરિવારના પ્રત્યેક સભ્યોને એની અસર થાય છે. તેથી જો તમે પરિવારના મુખ્ય વ્યક્તિ છો, તો તમને વ્યક્તિગત નિર્ણય લેવાનો કોઈ હક્ક નથી. વ્યક્તિગત સમજથી કે સ્વભાવથી લીધેલા તમારા નિર્ણયનો ભોગ ક્યારેક તમારા આખા પરિવારને બનવું પડે છે. જેમ કે તમારી સામે કોઈ મોટી તક આવી જે સ્વીકારવાથી તમારી આર્થિક સમૃદ્ધિ ખૂબ સારી થવાની સંભાવના હતી પણ તમે તમારા શંકાશીલ સ્વભાવને કારણે અથવા ઓછા શિક્ષણને કારણે કે નવા પરિવર્તનોની નાસમજને કારણે એ મોટી તકને ના સ્વીકારી, એના પ્રત્યે શંકાશીલ બની નકારાત્મક રહ્યા તો તમે ઘણુ બધુ ગુમાવવાના છો. અને તમારા એક નિર્ણયને કારણે તમારા જીવનમાં જે સમૃદ્ધિ આવવાની હતી તે નહીં આવે અને તમારા આખા પરિવારને સંઘર્ષમય જીવન જીવવું પડે છે.

અત્યારનો સમય યુદ્ધનો છે, સ્પર્ધાનો છે. અહીં સેકન્ડ નંબરની કોઈ કિંમત નથી. ઈતિહાસ જીત મેળવનારનો બને છે. હારનાર વ્યક્તિ ભલે સેકન્ડ આવે, ભલે તેનું નામ ઈતિહાસમાં લખાય છે પણ લોકો યાદ તો પ્રથમ નંબર આવનાર, જીતનારને જ કરે છે. તેથી જો ઈતિહાસ બનાવવો છે તો જીતવાની ટેવ પાડો, સ્પર્ધા ગમે તેટલાની હોય એ સૌમાં પ્રથમ નંબર આવવાની જ ઈચ્છા રાખો. એ મુજબની તૈયારી કરો. જીત માટે જે કાંઈ કરવું પડે એ બધુ જ કરો પણ જીતીને રહો. જીદ કરશો તો જ જીતશો. જો તમે બીજા કે ત્રીજા નંબરે આવીને ખુશ થઈ જાવ છો તો તમે ક્યારેય પ્રથમ નંબર નહીં મેળવી શકો. આ દુનિયામાં જીદ વગર કોઈ મોટી સફળતા મળતી નથી. અને જ્યારે તમે મોટી જીત માટે નીકળો છો ત્યારે દુનિયા આખી તમારી પર હસવાની છે, આક્ષેપો લગાવશે, તમને નિરુત્સાહી કરશે. મજાક કરશે, વિરોધ કરશે. તમારા જ નજીકના તમને સાથ નહીં આપે. પણ આ બધામાંથી જે પાર નીકળશે તે જ મોટી જીત મેળવશે. અને એ તો સાહજિક છે કે સંઘર્ષ નથી તો જીતની મજા જ નથી. જેમાં હારવાની સંભાવના નથી એવી સ્પર્ધાનો કોઈ મતલબ રહેતો જ નથી. તમે કોઈ સ્પર્ધામાં ભાગ લેવા ઉતરો અને કોઈ હરિફ જ ના હોય તો ? બિનહરિફ જીતનું કોઈ મૂલ્ય નથી કે ઈતિહાસમાં એનું કોઈ માન નથી. અને જેમ વધુ સ્પર્ધા તેમ જીતનો આનંદ વધુ. તમે સ્વિમીંગપૂલમાં તરીને સામે કાઠે જાવ છો અને દરિયામાં તરીને સામે કાંઠે પહોંચો છો તો મૂલ્ય કોનું વધારે છે ? વર્ષો પહેલા દરિયો ખેડનાર કોલંબસનું નામ આજે પણ દુનિયાને યાદ છે.

મિત્રો, ભવ્ય જીત માટે ભવ્ય સાહસ, સંઘર્ષ અને સમર્પણ પણ જોઈશે. જાતે મોટીવેટેડ થતા શીખવું પડશે. કેમ કે આજે ચારેતરફ ખૂબ જ નકારાત્મકતા પ્રસરેલી છે. એમાંથી પસાર થઈને આપણે સકારાત્મક રહેવાનું છે. સેલ્ફ મોટિવેશનલ બનીને પોતે પોતાને જ પ્રોત્સાહિત કરીને આગળ વધવાનું છે. જે વ્યક્તિ જાતે મોટીવેટેડ થઈ શકે છે એને આગળ વધતા કોઈ રોકી શકતું નથી. આજે સમાજમાં અનેક પ્રકારની હતાશાઓ, નિરાશાઓ અને અરાજકતાઓ વ્યાપેલી છે. માનસિક તણાવ સૌને છે. કામનું, નોકરીનું, ધંધાનું અનેક પ્રકારનું ટેન્શન છે. બીજી બાજુ કોરોના જેવા વાયરસ, બગડતી જતી વૈશ્વિક પરિસ્થિતિ, આર્થિક અસલામતી... આ બધાને કારણે સૌ અચંભિત છે. પણ હવે એ નક્કી છે કે હવેની જિંદગી પહેલા જેવી નોર્મલ ક્યારેય નહીં હોય. હવે નવી નવી સ્થિતિ, પરિસ્થિતિ આવતી રહેશે, એને સૌએ અનુકૂળ પણ થવું પડશે. અત્યાર સુધી નહીં કરેલું કામ કરવું પડશે. નહીં વિચારેલું વિચારવું પડશે. જીવનધોરણોમાં, જીવનનિર્વાહમાં બદલાવ લાવો પડશે. નવા કામો શીખવા પડશે. અને આ બધા માટે કોઈ પુસ્તક કે શિક્ષક નહીં મળે પણ જાતે શીખીને કરવું પડશે. અને આવનારી પેઢીને શીખવવું પડશે. હવેનો સમય જ્ઞાનનો છે. પૈસાથી જ્ઞાન ખરીદી નહીં શકાય, પણ જ્ઞાનથી પૈસો કમાઈ શકાશે. આ પરિવર્તનના પાંચ વર્ષમાં જેણે ભરપુર જ્ઞાન મેળવી લીધું એ અવશ્ય જીતશે.

મિત્રો, આવો, આ નવી દુનિયામાં નવું સાહસ કરીએ, નવું કામ કરીએ, જુની શંકાઓ, પ્રશ્નો, સમસ્યાઓને છોડીને કંઈક નવા સપનાઓ જોઈએ. એને પુરા કરવા સ્માર્ટ મહેનત કરીએ. એક એવું પ્લેટફોર્મ બનાવીએ કે જ્યા સૌ સાથે મળીને એકબીજાના સહકારથી સૌનો વિકાસ થાય.

9426060601.india@gmail.com

યે કોડિંગ કોડિંગ ક્યાં હૈ? કોડિંગ કોડિંગ?!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

'અબ હર બચ્ચા કોડિંગ શિખેગા' ટીવી ના પરદે આવતી આ જાહેરાત જોઈને તમને સ્વાભાવિક પ્રશ્ન થતો હશે કે યે કોડિંગ કોડિંગ ક્યાં હૈ ? કોડિંગ કોડિંગ ! અને સાથે સાથે બીજો પ્રશ્ન એ પણ થતો હશે કે બચ્ચા જ કેમ ભલા ? એનિવેયઝ જાહેરાતોની દુનિયામાં આ જ જાહેરાતનો તો બહુ મોટો વિવાદ પણ થયેલો. કેમકે પહેલા કોડિંગ શીખવતી ''વ્હાઇટ હેટ જુનિયર'' નામની કંપનીની કોડિંગ શીખવતી જાહેરાતમાં એવો દાવો કરાયેલો કે સરકારે છઠ્ઠા ધોરણ અને એનાથી ઉપરના ક્લાસ માટે કોડિંગ અનિવાર્ય કરી દીધું છે જો કે પછીથી સરકારી સ્પષ્ટતા આવી કે નવી શિક્ષણનીતિમાં કોડિંગ ભણાવી શકાય છે એવી વાત છે પણ ફરજિયાત છે એવી કોઈ વાત હજુ સુધી તો છે નહીં. એટ્લે વિવાદ પછીથી રિતિક, માધુરી, સેહવાગ, ધવન ને સોનું સુદ જેવી તગડી સ્ટારકાસ્ટ વાળી આ જાહેરાતની ટેગ લાઇન બદલી દેવામાં આવી, પણ હજુ જાહેરતનો મર્મ તો એ જ છે કે મેરા બચ્ચા કોડિંગ પઢેગા...!

ક્યૂ પઢેગા ? તો એ એટલા માટે કે જાહેરાતના દાવા મુજબ ભવિષ્યમાં ૬૦ થી ૭૦% નોકરીઓ ગુમ થઈ જવાની એવામાં માત્ર કોડિંગ જ ભવિષ્યને બચાવશે...! વાત માં દમ છે કે નહીં એ તો સમય જ બતાવશે પણ પહેલા કોડિંગ એટ્લે શું એને તો ડીકોડ કરવું પડશે ને..!! કોડિંગ એટ્લે એ સિસ્ટમ જેનાથી કોમ્પ્યુટર સાથે કનેક્શન બને છે... કોમ્પ્યુટર જે ભાષા સમજે છે એ આ કોડિંગ. વાત જ્યારે કોમ્પ્યુટર એમ થાય છે એનો મતલબ ખાલી કોમ્પ્યુટર નહીં પણ એ દરેક ડિજિટલ ચીજ કે જે કોઈ ને કોઈ પ્રોગ્રામની મદદથી ચાલે છે. એમાં લેપટોપ પણ આવી જાય અને તમારો સ્માર્ટફોન પણ... એમાં એટીએમ મશીન પણ આવી જાય અને ડિજિટલી ઈક્વિપ્ડ કાર પણ. કોડિંગ બોલે તો એક એવો કમાન્ડ કે જેનાથી ડિજિટલ ઈક્વિપમેન્ટ બરાબર કામ કરે છે અથવા તો એક એવી ભાષા જેને આ ડિજિટલ ડિવાઈસિસ સમજી શકે છે. કોડિંગ એટ્લે એક એવું પ્રોગ્રામિંગ કે જેનાથી બધુ કામ થઈ શકે છે. જો તમને કોડિંગ આવડતું હોય તો તમે એપ કે વેબસાઇટ કે સૉફ્ટવેર આસાનીથી બનાવી શકો છો. કોડિંગ એ છે જે કમ્પ્યુટર સૉફ્ટવેર, એપ્લિકેશનો અને વેબસાઇટ્સ બનાવવાનું શક્ય બનાવે છે. વિશિષ્ટ કાર્ય કરવા કમ્પ્યુટરને સૂચના આપવાની તે પદ્ધતિ છે. આ સૂચનાઓ કોમ્પ્યુટર્સ સમજી શકે તે 'ભાષા' નો ઉપયોગ કરીને કરવામાં આવે છે. કોડિંગનો ઉપયોગ આર્ટિફિશિયલ ઇંટેલિજન્સ અને રોબોટિકમાં પણ કરવામાં આવે છે. મિન્સ કે ડિવાઇસ ગમે તે હોય કમાન્ડ અને કંટ્રોલ માટે એનું કોડિંગ ફરજિયાત છે.

અને આજે 'દુનિયા મેરી મુઠ્ઠી મે' ની જેમ સ્માર્ટફોનમાં જ એટલા બધા અને લગભગ દરેક કાર્યના એપ આવી ગયા છે અને દુનિયા જ એટલી ડિજિટલ થતી જઈ રહી છે કે નો ડાઉટ કોડિંગ બોલે તો પ્રોગ્રામિંગ હવે મસ્ટ બનતું જાય છે. કોડિંગની કેટલીય લેન્ગ્વેજ છે જેમકે પાયથોન, જાવાસ્ક્રિપ્ટ, જાવા, સી + + , સી #, પીએચપી, સ્વીફ્ટ,ગો વગેરે વગેરે. આ ભાષાઓ વેબ ડેવલોપમેન્ટ કે પછી એપ ડેવલોપમેન્ટમાં વપરાય છે અને આ ભાષાઓનું વ્યવસ્થિત જ્ઞાન હોવું જરૂરી છે. આઈટી સેક્ટર દિન દુની રાત ચોગુની પ્રગતિ કરી રહ્યું છે અને એમાયે લોકડાઉન જેવા કપરા કાળમાં લગભગ દરેક ચીજ ઓનલાઈન થઈ ચૂકી છે. ડિજિટલ પેમેન્ટથી લઈને ઓનલાઈન શોપિંગ, ઓનલાઈન શિક્ષણ હવે આવનારા સમયની માંગ છે. કોડિંગ એક સ્કીલ્ડ કેરિયર તરીકે ઉપયોગી છે. અત્યારના સમયમાં ટ્રાન્સપોર્ટ, ફૂડ, કરન્સી, એજ્યુકેશન, બધુ જ આઈટી ઉપર નિર્ભર થતું જાય છે. ઈ-કોમર્સ માર્કેટ તેજીમાં છે અને આવનારા સમયમાં એમાં વધુ તેજી આવશે એ નક્કી છે. આઈટી સેક્ટરમાં કોડિંગ જાણકારોની ડિમાન્ડ વધતી જાય છે કેમકે રોજરોજ નિતનવા એપ્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ આવી રહ્યા છે. ઈ-કોમર્સની સાથે સાથે સાઇબર સિક્યોરિટી પણ હવે એક પડકાર બનતી જાય છે અને સારા પ્રોગ્રામર કે કોડરની એમાં પણ માંગ વધી રહી છે. આવનારા સમયમાં ઓટોમેટેડ કાર, અનેકો એપ્સ, રોબોટ્સ અને ટેક્નોલોજીની આપના જીવનમાં અહમ ભૂમિકા થવાની છે ત્યારે કોડિંગની બોલબાલા આસમાને પહોચવાની એ નક્કી છે.

૬-૭ વર્ષના કે એનાથી મોટા બાળકોને કોડિંગ શીખવાડવાની વાત કહેતી એડ કદાચ વધુ પડતી અતિશયોક્તિ છે એમાં બહુધા લોકો સમત છે જ કેમકે કોઈ પણ કોડિંગ એ એ